
R.N.I.No. : 11555/1966
Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

May - 2016
Total - 40 Pages
Vol No. 60 Issue No. 2




## શિક્ષણ દ્વારા ધ્યેયસિદ્ધિ

# SHREE BALASINOR NAVYUVAK SANGH

## NOTICE OF 66th ANNUAL GENERAL MEETING

**Date ; 21/5/2016**

**To,**

**All Members,**

Notice is hereby given that 66th Annual Meeting of Shree Balasinor Navyuvak Sangh will be held under the presidentship of Shri Kalpesh Suresh Dharia (Balbal) on Sunday 26th June 2016 at 5.00P.M at Shri Mohanlal Sankerlal Shah (Zat) Sabhagruh BNS Office to transact the following Business on the agenda.

## AGENDA FOR THE MEETING

1. To read, confirm and approve the minutes of the 65th Annual General Meeting held on 28th June 2015.
2. To receive, consider and adopt the managing committee report for the year 2015-2016.
3. To receive, Consider and adopt the audited Accounts of the Sangh for the year ended 31st March 2016.
4. To appoint the Auditor for the year 2016-2017 and fix his remuneration.
5. To distribute the education prizes under the scheme named Smt Shantaben Shantilal Shah (Choksi) Annual Educational Prize Distribution.
6. To Distribute the prizes of Shri Surendra Parikh (Surendra Trading Corporation) & Shri Daxeshbhai/Shri Minishbhai Kadakia Indoor Sports Activity.
7. Any other matter from the desk of President.
8. President Address.

## NOTES

1) If the meeting is adjourned for the want of Quorum the same will be held on the same day at the same place after half an hour of the appointed time and the adjourned meeting will transact the business on the agenda, irrespective of whether there is Quorum or not.
2) All Members are requested to be present for the meeting on time.

**Hon Secretary**
**Bhavesh Bipin Modi**
**(Thasrawala)**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૦ | ૨ | ૨૧-૦૫-૨૦૧૬ |

છુટક કિંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-



બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ
મનીષા નિ. શાહ

પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**visit us at www.balasinor.org**


**તંત્રી સ્થાનેથી**

# ડિપ્રેશન અને સાયકોથેરાપી

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

**ભણતા અને અનેક ક્ષેત્રમાં પ્રગતિના સર સોપાન કરતાં લાખો લોકોને વળગેલો આજના યુગનો રોગ મનોરોગ.**

**આ રોગને તાત્કાલિક ઓળખો, નિદાનમાં તકેદારી રાખો, ફરી જીવનનો બાગ મહેકાવો.**

સુખી સમૃદ્ધ કચ્છીમાડુના ત્રણ દિકરા એ બધી સમૃદ્ધિ, ધંધા રોજગારમાં છૂટા પડવાનું નક્કી કર્યું. ત્રણેને બધું મળ્યું. કોઈ અન્યાય નહીં. ધીમે ધીમે નાનાભાઈએ બધા સાથે વાતચીત કરવાનું ઓછું કર્યું. દુકાને જવાનું ટાળવા લાગ્યો. ઘરની બહાર નીકળવાનું બંધ કર્યું. ઘરના એક ઓરડાની બહાર નીકળવાનું બંધ કર્યું. ડિપ્રેશનમાં તણાતાં નાનાભાઈને બહાર કાઢવા હવે મોટાભાઈએ હામ ભીડી. સાઈકીયાટ્રીસ્ટની દવા ચાલુ કરી. પરંતુ આવા દર્દીને બાળકની જેમ, ફૂલની જેમ સાચવવો પડતો હોય છે. તેને પ્રેમ અને હૂંફની સતત જરૂર હોય છે. ત્રણ ભાઈના આખા કુટુંબમાં યોગના સંસ્કાર હતા જેમાં મોટાભાઈએ યોગને બરાબર ઓળખ્યો હતો. નાના ભાઈને મદદરૂપ થવા યોગનો સહારો લીધો. રોજ સવારે ચા-પાણીના સમયે મોટોભાઈ નાનાભાઈના ઘરે આવે. બે ત્રણ કલાક પોઝિટિવ વાતો, વિશ્વાસપૂર્વકના વચનો કહે, તેને ધ્યાનથી સાંભળે, સમજે, ઉકેલ બતાવે, રસ્તો બતાવે. એકસામટી જવાબદારીને અસમર્થ સમજતો નાનો ભાઈ પોઝિટીવ રિસ્પોન્સ આપતો થયો. ઘરની બહાર નીકળતો થયો. પોતાની દુકાન ચલાવતો થયો. ફરી

પાછો સાજો થઈ ધંધા, રોજગારમાં નવા અખતરા કરતો થયો.

ડિપ્રેશન એટલે શું ? ડિપ્રેશનને સામાન્ય દ્રષ્ટિએ કપરી સ્થિતિ કે તત્કાલીન નિરાશા સમજાય છે, પણ ડિપ્રેશનએ ખતરનાક મનોરોગ છે. સ્પષ્ટ રીતે આ ઉદાસ મનોરોગ અથવા ખિન્ન મનોવિકૃતિ તરીકે ઓળખાય છે.

આ રોગના નિદાન માટેના કયા ધોરણો નક્કી થયા છે? ડો. રમેશના સમજાવ્યા મુજબ (૧) બે અઠવાડિયા સુધી રોજ કે સમગ્ર દિવસ ઉદાસ જોવા મળે (આંસુ વહેતાં જોવા મળે.) (૨) સમગ્ર દિવસની પ્રવૃત્તિઓમાંથી રસ કે ખુશી ઘટી ગયાનું જોવા મળતું હોય (૩) પાછલા એક મહિનામાં જ વજનમાં પાંચ ટકા જેટલો વધારો કે ઘટાડો નોંધાવો. ભૂખમાં નોંધપાત્ર વધઘટ થાય. (૪) ઓછી નિદ્રા કે વધુ પડતી નિદ્રા લગભગ રોજ (૫) લગભગ દરરોજ તીવ્ર ઉશ્કેરાટ અથવા મંદ પડી ગયાનો દેખાવ. (૬) દરરોજ થાકી જાય કે શક્તિ ઘટી ગયાનું લાગે (૭) લગભગ રોજ જાતને અયોગ્ય લાગવું અથવા અતિ કે અયોગ્ય અપરાધભાવ અનુભવો. (૮) ધ્યાન કેન્દ્રિત કરવાની, નિર્ણય કરવાની કે વિચારવાની ક્ષમતા ઘટી ગયાનું લગભગ રોજ નોંધાય. (૯) મૃત્યુના વારંવાર વિચાર કરે, આપઘાતના વિચારો કરે, અથવા આપઘાત કરવાનું સ્પષ્ટ આયોજન કરેલું નોંધાય.

૨૦ વર્ષના યુવાન મહેબુબ (નામ કાલ્પનિક છે)ની ફરિયાદ અલગ હતી. તે રાતોની રાતો જાગતો હતો તેને આક્રમક વિચારો આવતા હતા. તેને લાગતું કે તે ખૂબ જ બુદ્ધિશાળી છે. તેની એકાગ્રતા રહેતી ન હતી. એ ઉન્માદનાં લક્ષણો હતા. ત્રણ મહિના સુધી એવું ચાલ્યા બાદ એક દિવસ તે પોક મૂકીને રડી પડયો.

ઉન્માદ વખતે વ્યક્તિને કેવા અનુભવ થાય છે (૧) જાતને કંઈક સમજે છે કે ભવ્યતામાં રાચે છે. (૨) ઊંઘ ઘટી જાય છે. (૩) સામાન્ય કરતાં વધારે બોલે અથવા બોલ્યા વિના ચાલે નહીં (૪) વધુ પડતા વિચારો આવે. (૫) બિનજરૂરી આવેગો ધ્યાન તોડે (૬) મનને ગતિમાં રાખે એવો ઉશ્કેરાટ અનુભવે અથવા ધ્યેયની દિશામાં સક્રિય બની જાય. (૭) આનંદ આપતી ક્રિયામાં વધુ પડતું ધ્યાન આપે પણ અંતે ઘણું દુઃખ પડે.

કેટલીક સ્ત્રી લક્ષ્મણરેખા ઓળંગીને પસ્તાય છે, કેટલાંક શેરબજારમાં નાણાં રોકીને દેવું કરે કે મોજશોખ ખાતર ખરીદી કરીને ગુમાવે, પસ્તાય એ ઉન્માદ છે. ઘણાં કિસ્સામાં ઉન્માદ અને ઉદાસ એમ બંને મનોસ્થિતિ નોંધાય છે. ડિપ્રેશનના દર્દીમાં સમયગાળા મુજબ આશા અને નિરાશાના ભાવ નોંધાય છે. તેથી તેને ભાવ-વિકૃતિ કહે છે. એટલે જ દર્દીને થોડા દિવસ પછી સારું થઈ ગયું લાગે છે, પણ તે છેતરાય છે. સમય જતાં ડિપ્રેશન ઊથલો મારતો હોય તેવું લાગે છે.

ડિપ્રેશનનો સચોટ ઉકેલ છે, સાઈકોથેરાપી. સાઈકોથેરાપી સંપૂર્ણ પણે દવા વગરની પદ્ધતિ છે. જેના વડે દર્દીની ક્ષમતાનો અને ગુણવત્તાનો વિકાસ થઈ શકે છે. પોતાની જાત વિશેનો અભિપ્રાય સ્પષ્ટ થવાથી સાચો વિકાસ કેળવાય છે. ધીમે ધીમે તનાવ કે નિરાશા સહન કરવાની ક્ષમતા વધે છે. જેમ જેમ તનાવ સહન કરવાની શક્તિ વધે છે તેમ તેમ ભૂલો કરવાનું ઘટે છે. સંવેદનશીલતા કાબૂમાં આવે છે અને મનોબળ વધે છે. મનોબળ વધવાથી સફળતાની તકો વધે છે.

સાઈકોથેરાપીને સ્વભાવ સાથે સંબંધ છે. આ થેરાપી દ્વારા ચર્ચાઓ થકી દર્દીને તેના સ્વભાવની ઓળખ કરાવવામાં આવે છે અને આવનારી સ્થિતિનો સામનો કરવા માટે તેને માનસિક રીતે સજ્જ કરવામાં આવે છે. પરિણામે તેનું મનોબળ વધે છે. સાઈકોથેરાપી વખતે દર્દીના મનનું વિશ્લેષણ થતું હોવાથી તે લાંબો સમય ચાલે છે અને તેમાં નિયમિતતા જરૂરી છે.

આ રીતે સાઈકોથેરાપી દ્વારા હળવા મનોરોગ ઉપરાંત દામ્પત્યજીવનના પ્રશ્નો, જાતીય પ્રશ્નો, કૌટુંબિક પ્રશ્નો, સ્વભાવના પ્રશ્નો, વ્યસનના પ્રશ્નો વગેરે ઉકેલી શકાય છે.

પરંતુ ડિપ્રેશન આવે જ નહીં તે પ્રમાણે મનુષ્ય એ જીવન જીવવું જોઈએ. હંમેશા આનંદમાં રહેવું, પોતાના કુટુંબમાં હળીમળીને રહેવું અંગત વાતો, મુશ્કેલીઓ કુટુંબમાં, ખાસમિત્રને કહી ઉભરો બહાર કાઢી નાખવો, હળવા થઈ જવું. જરૂરી સલાહ, સૂચનો લેવા. મનોરંજનના કાર્યક્રમોમાં સહભાગી થવું. નિયમિત યોગાસન કરવા, પ્રાણાયામ કરવા, કસરતો કરવી. શરીરને સ્ફૂર્તિલું , તંદુરસ્ત રાખવું. શરીર અને મનની વિશેષ કાળજી રાખીને મનુષ્ય આવા આધુનિક યુગના મહાભયંકર રોગ ડિપ્રેશનથી દૂર રહી શકે છે.

✤✤✤✤✤

## વિદેશમાં મોકલાતાં જ્યોતિપુંજ

વિદેશમાં વસતા આપણાં સર્વ વાંચકોને જણાવવાનું કે જ્યોતિપુંજનો એપ્રિલ ૨૦૧૬નો અંક પ્લાસ્ટીક રેપરમાં પેક કરીને પોસ્ટ (એર-મેલ) કર્યો છે. એડ્રેસ વાળા કાગળના રેપર ફાટે નહીં તે માટે આ પ્રથમ પ્રયોગ કર્યો છે. એપ્રિલ ૨૦૧૬ નો આ અંક વિદેશમાં સર્વને મળ્યો કે નહીં તે અમારે જાણવું છે. વિદેશમાં વસતા (મેમ્બર્સ) અને અહીં રહેતાં તેઓના સગાવ્હાલાને જણાવવાનું કે જો એપ્રિલ ૨૦૧૬નો અંક મળી જાય તો અમને અમારા સંપર્કો દ્વારા જાણ કરે. આ માટે આપનો ખૂબ ખૂબ આભાર.

**- મંત્રીઃ ભાવેશ મોદી**


સ્વ. સવિતાબેન રમણલાલ પરીખ (લઠ્ઠા પારેખ) ના જે જે શ્રી ગોકુલેશ

# જાહેરમાં મેલા કપડાં ધોવા

**- નિખિલ પરીખ**

જીંદગીની અનેક વ્યાખ્યાઓ લોકોએ આપી છે. જીંદગી એટલે 'માની કોખથી ધરતીની ગોદ સુધીની સફર', જીંદગી એટલે 'વિસ્મય થી વિસામા સુધીની સફર', જીંદગી એટલે 'બહારી કોલાહલ થી અંતરનાદની યાત્રા'.

આ બધી સફર માનવીની પોતાની સફર છે પરંતુ માનવી જ્યારે દુનિયામાં કેટલાંયે બીજા માનવો સાથે જીંદગી જીવે છે ત્યારે 'જીંદગી એટલે સંબંધોના સરવાળા અને બાદબાકી' એ વ્યાખ્યા મને વધુ યોગ્ય લાગે છે.

માનવી જન્મની સાથે જ કેટલાંક સંબંધો લઈને આવે છે. આ જન્મ સાથેના સંબંધોને આપણે કુટુંબીજનો નામ આપ્યું છે. માનવી જેમ જેમ મોટો થતો જાય છે તેમ તેમ એના સંબંધોનું વર્તુળ વધતું જાય છે, મિત્રો, કલીગ, ક્લાયન્ટ, સહપ્રવાસી જેવા કેટલાંયે સંબંધો એ બાંધે છે. કેટલાય સ્વાર્થ માટે હોય છે. તો કેટલાક જરૂરિયાત પુરતાં હોય છે, કેટલાક ઘનિષ્ટ બને છે તો કેટલાંક નાનકડી સફરમાંજ પુરા થઈ જાય છે. કેટલાંક સંબંધો લાગણીના હોય તો કેટલાંક માગણીના. કેટલાંક સ્વાર્થના હોય તો કેટલાંક પરમાર્થના, કેટલાંક છીછરાં તો કેટલાંક પાતાળ કરતાં ઊંડા. આમ સંબંધોના સમીકરણો બદલાતાં રહે છે.

આ સરવાળા બાદબાકીની સફરમાં માનવી એક મોટો સરવાળો લગ્ન સંબંધનો કરે છે. ક્યારેક પ્રેમસંબંધ લગ્નમાં પરિણમે તો ક્યારેક લગ્ન સંબંધ પ્રેમસંબંધ સુધી પહોંચે, આ સંબંધ સમાજની સાક્ષીમાં બંધાય અને એની ઉપર કાયદાની મહોર પણ લાગે. આ સંબંધમાં ફક્ત સરવાળો કરી બાળકોના નવા સંબંધો બાંધવાની છુટ છે પરંતુ બાદબાકી ને અવકાશ નથી હોતો.

સંબંધ એટલે સમ-બંધ, બે માનવી વચ્ચેનું સરખું બંધન, આ બંધન ત્યારે જ ટકે જ્યારે બન્ને બાજુથી એને બાંધી રાખવામાં સરખાં પ્રયત્નો થતાં રહે. પરંતુ બંધન છે એટલે છુટવાની શક્યતાઓ પણ રહેવાનીજ કેટલાંક સંબંધો દિવસોમાં કે મહિનાઓમાં છુટી જાય કેટલાંક વર્ષો સુધી રહે અને ક્ષીણ થતાં જાય. કેટલાંક વર્ષો સાથે ઘનિષ્ટ બને અને છેક સ્મશાનમાં છુટે પણ જીંદગીના અંતમાં બધા સરવાળા બાદબાકીનું રીઝલ્ટ તો શુન્ય જ થઈ જાય. બંધન બધા તુટી જાય, સંબંધ બધા છુટી જાય એનું નામ જ મૃત્યુ.

આમ સંબંધો છુટે જ છે પરંતુ જીવનકાળમાં છુટતાં સંબંધોમાં પછી એ મૈત્રી હોય કે કૌટુંબિક, વ્યાવસાયીક હોય કે સામાજીક, પતિ પત્નીના હોય કે સંતાનો સાથેના, એ છુટતાં સંબંધોની ગરિમા જળવાવી જોઈએ. આ માનવ સ્વભાવ છે કે ક્યારેક એને સંબંધોમાં ગેરસમજ, અહમ, ઈર્ષ્યા, કટુ વાણી, સ્વાર્થ અવિશ્વાસ વચ્ચે આવે અને એને સંબંધોથી અલગ થવાનું મન થાય. ક્યાંક બાંધ છોડ કરવાની ક્ષમતાનો અંત આવે કે સોરી શબ્દ ભારેખમ બની જાય, પરંતુ આક્ષેપો, પ્રતિઆક્ષેપો, ઝગડાં મનામણાં પછી પણ સંબંધોમાં સમાધાનની શક્યતા ન દેખાય તો એ સંબંધનો શાંતિ પૂર્વક અંત લાવવો વધુ સારું છે. 'જીસ બાત કો અંજામ તક લાના ના હો મુમકીન ઉસે એક ખુબસુરત મોડ દે કર છોડના અચ્છા'. હા પરંતુ કોઈ પણ સંબંધનો અંત લાવતાં પહેલાં બન્ને બાજુથી genuine પ્રયત્નો થવાં જોઈએ, થોડી ઘણી બાંધછોડ કરવાની, બીજાના સ્વભાવને અપનાવવાની, માફ કરી દેવાની તૈયારી બન્ને પક્ષે હોવી જ જોઈએ અને આ બધા પ્રયત્નો પછી જો એ સંબંધ Point of no return ના તબક્કે પહોંચી જાય તો એકબીજા સાથે વાત કરીને એ સંબંધને એક ખુબસુરત મોડ આપી ને છુટાં પડવું જોઈએ.

આવી રીતે છુટાં પડેલાં એક દંપતિનાં કિસ્સાનો હું

સાક્ષી છું. એ પતિ પત્ની, એક સુંદર જોડી કહી શકાય, બન્ને બુદ્ધિમંત, હોશિયાર અને દેખાવડાં. લગ્ન સંબંધના પ્રેમ સ્વરૂપ એક દીકરી પણ થઈ પરંતુ માનસિક મતભેદો વધવા લાગ્યાં, મતભેદ વધવાં લાગ્યાં અને બન્ને જણાએ એક બીજા થી છુટા પડવાનું નક્કી કર્યું. ન તો એ બન્ને જણાએ એક બીજા ઉપર જાહેરમાં આક્ષેપો કર્યા કે કાદવ ઉછાળ્યો ન તો એ બન્નેના કુટુંબીજનોએ. પતિપત્નીમાંથી કોઈએ દીકરીના મનમાં બીજા માટે ખરાબ વાતો કરીને એકબીજાથી દૂર કરવાના પ્રયત્નો પણ ન કર્યાં. દીકરી માતા પાસે રહી પણ પિતા સાથે પણ એ એક દિવસમાં આખું અઠવાડિયું જીવી લેતી. છુટા પડેલાં એ પતિ પત્નીએ બીજા કોઈ સંબંધ પણ નહોતાં સ્વીકાર્યા. આ વાતને વર્ષોના વ્હાણા વિત્યાં, દીકરી મોટી થઈ એને બંન્ને માબાપ માટે સરખોજ પ્રેમ. દીકરીએ માબાપને ભેગા કરવાના પ્રયત્નો કર્યાં. પતિ પત્નીના મતભેદો પણ આટલાં વર્ષે ઓછા થયાં હતા. આજે આ દંપતિ અને દીકરી ફરીથી એક સાથે રહેતા થયા છે. આ વસ્તુ એટલાં માટે શક્ય બની કારણ કે એ લોકોએ સંબંધને એક ખુબસુરત મોડ આપીને છોડયો હતો. બન્ને પક્ષે 'જાહેરમાં મેલાં કપડાં ધોવા'ના પ્રયત્નો નહોતા કર્યાં.

''જાહેરમાં મેલા કપડાં ધોવા'' શિર્ષક વાંચીને તમારી નજર સમક્ષ મહાલક્ષ્મીનો ધોબીઘાટ કે બાલાસિનોરના સુદર્શન તળાવના કિનારે કપડાં ધોતી સ્ત્રીઓ આવી ગઈ હશે. સાબુની જાહેરાતોમાં પણ જાહેરમાં મેલાં કપડાં ધોવાની કોમ્પીટીશન યોજાય છે. બીજાના કપડાં ગંદા અને મારા દુધ જેવા સફેદ.

સંબંધોમાં પણ આમ જ થતું હોય છે. તુટેલાં સંબંધોમાં પોતે જવાબદાર નથી, પોતે સારા જ હતા બધો વાંક સામેવાળાનો હતો, એ દેખાડવા માટે લોકોની સહાનુભુતિ જીતવા માટે લોકો જાહેરમાં એકબીજા ઉપર કાદવ ઉછાળતાં હોય છે કે જાહેરમાં મેલા કપડાં ધોતાં હોય છે. કોર્ટમાં છુટાછેડા માટે સામી વ્યક્તિ માટે ગંદા આક્ષેપો થતાં હોય છે. એકબીજાને બરબાદ કરી નાખવાના પ્રયત્નો થતાં હોય છે. વકીલોતો કોર્ટમાં જાહેરમાં મેલાં કપડાં ધોવાને બદલે કપડાં જ ઉતારી નાખતાં હોય છે. હોલીવુડ, બોલીવુડ, કે ટેલીવુડમાં આવી જ રમતો જાહેરમાં રોજ રમાતી હોય છે અને મિડીયાને મસાલો મળતો રહે છે. વિદેશમાં તો ઘરના નોકરો અને રસોઈયાઓ પણ આ મેલા કપડાં ધોવાની રમતમાં ભાગ લેતાં હોય છે.

મિત્ર હોય કે જીવનસાથી. જે વ્યક્તિ સાથે તમે તમારા જીવનના સૌથી સુંદર દિવસો, સૌથી અંગત અને હસીન પળો ગુજારી હોય. જેની સાથે સંપુર્ણ વિશ્વાસથી પોતાની અંગત વાતો, પોતાની ખુબીઓ, ખામીઓ શેર કરી હોય, જેની સાથે જીંદગીના હસીન સપનાઓ જોયા હોય, જેણે તમારા સપનાઓમાં રંગ પુર્યા હોય. જેણે સપનાઓ સાકાર કરવામાં તમારો સંપુર્ણ સાથ આપ્યો હોય. જેની સાથે તમે તમારી જાત કરતાં પણ વધુ આત્મીયતાં અનુભવી હોય એની સાથેનો સંબંધ છુટે ત્યારે પણ એણે તમારા ઉપર મુકેલા વિશ્વાસની દોર ન તુટવી જોઈએ. એની અંગત વાતો જાહેરમાં ઉછાળવી ન જોઈએ. એની ખુબી-ખામીઓને જાહેરમાં મશ્કરી રૂપ ન બનાવવી જોઈએ, પોતાની બાજુ સાચી ને સારી પુરવાર કરવાં સામેવાળાના વાંકને લોકો સમક્ષ મુકી એને ગુનેગાર બનાવવાની વ્યર્થ કોશિષ ન કરવી જોઈએ. એક બીજાના 'મેલા કપડાં જાહેરમાં ધોવા'ના જોઈએ. બસ એકબીજાને અલવિદા કહીને પોતે પોતાને રસ્તે આગળ વધવું જોઈએ, ભવિષ્યમાં ક્યારેક સામે મળીએ ત્યારે એકબીજાની આંખમાં એ જુના પ્રેમનો એક નાનકડો ઝબકારો કે દિલમાં ઉઠતી નાનકડી રીસની શક્યતાઓ છોડી ને જવું જોઈએ. ફરીથી એ જુના સંબંધોના પુલ બંધાવાની જગ્યા રાખીને છુટાં પડવું જોઈએ. કાશ ! પેલા દંપતિની દીકરીની જેમ આપણા સંબધોમાં પણ ફરીથી પુલ બાંધનાર કોક મળી આવે. જીંદગીમાં સંબંધોની બાદબાકી થાય તો પણ દુશ્મનીનો સરવાળો તો ન જ થવો જોઈએ.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા આયોજીત
# 'ચાલો બાલાસિનોર વર્ષ ૨૦૧૬-૧૭'
# ગુરૂવાર તારીખ ૨૭-૧૦-૧૬ થી ૦૧-૧૧-૧૬ મંગળવાર

સર્હષ જણાવતા આનંદ થાય છે કે બાલાસિનોર નવયુવક સંઘના નેજા હેઠળ 'ચાલો બાલાસિનોર'નું આયોજન દિવાળી દરમ્યાન હાથ ધરાયું છે જેની વિગતો નીચે મુજબ છે.

**તારીખ સાથેની પૂરક માહિતી :-**

૧) તા. ૨૭-૧૦-૧૬ ગુરૂવાર રાતના (વડોદરા એક્સપ્રેસ દ્વારા રવાના)

૨) તા. ૨૮-૧૦-૧૬ શુક્રવાર સવારે વડોદરાથી બાલાસિનોર. તળાવદરવાજા સુધી બસ દ્વારા પ્રવાસ (સાથે ચહા, કોફીની વ્યવસ્થા)

૩) તા. ૨૭-૧૦-૧૬ થી ૦૧-૧૧-૧૬ બાલાસિનોર ખાતે સવારનો ચહા, નાસ્તો, બપોરનું ભોજન તથા રાત્રીના ભોજનનું આયોજન દશાનીમા વણીક વાડીમાં રાખવામાં આવેલ છે.

૪) તા. ૨૭-૧૦-૧૬ થી ૦૧-૧૧-૧૬ દરમ્યાન વિવિધ પ્રોગ્રામનું આયોજન કરેલ છે. જેની તારીખ વાર વિગત આગામી અંકમાં આપવામાં આવશે.

૫) તા. ૦૧-૧૧-૨૦૧૬ ના રોજ સાંજે ૫ કલાકે તળાવ દરવાજેથી બસ દ્વારા વડોદરા જવા રવાના. જમવાના પેકેટ બસમાં આપવામાં આવશે. રાત્રે ૧૦.૨૫ કલાકે વડોદરા એક્સપ્રેસ દ્વારા મુંબઈ રવાના.

**મંત્રી :**
**શ્રી ભાવેશ બીપીન મોદી**
૮૮૭૯૪૨૨૩૦૪

**સંયોજક :**
**શ્રી જીગર મણીકાંત કડકીઆ**
૯૮૨૦૩૩૧૫૩૫

**સહ સંયોજક :**
**શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**
૯૮૩૩૮૬૭૬૦૧

**આવશ્યક સુચનાઓ :-**

૧) દરેક વ્યક્તિએ પોત પોતાના સામાનની હેરાફેરીની વ્યવસ્થા પોતે જ કરવાની રહેશે.

૨) દરેક વ્યક્તિએ પોતાના નામની ટીકીટમાં પોતેજ પ્રવાસ કરવાનો રહેશે. જો એ ટીકીટમાં બીજો કોઈ પ્રવાસ કરશે તો એની જવાબદારી જેતે વ્યક્તિની વ્યક્તિગત રહેશે.

૩) જો કોઈ કારણસર ટીકીટ કેન્સલેશન હશે તો તા. ૨૧-૧૦-૨૦૧૬ સુધીજ કેન્સલ કરવામાં આવશે. અને કેન્સલેશન ચાર્જ તથા એજન્ટનો ચાર્જ તે વ્યક્તિએ ભરવાનો રહેશે.

૪) સંપૂર્ણ વિગતો સાથે વિગતવાર ભરેલ ફોર્મ અને પુરી રકમ તા. ૦૧-૦૬-૨૦૧૬ થી ૧૫-૦૬-૨૦૧૬ સુધી નીચે જણાવેલ સ્થળોએ જમા કરવાના રહેશે.

**૧) શ્રી બાલાસિનોર નવયુવક સંઘ** : ૧૧૮/૧૨૦ અર્દેશર દાદી સ્ટ્રીટ, મુંબઈ - ૪, ફોન નંબર : ૨૩૮૮૭૦૦૬, ફોર્મ સ્વીકારવાનો સમય બપોરે ૩ થી ૬, રવિવારે સવારના ૯.૩૦ થી ૧૧.૩૦ સુધી. બુધવાર બંધ

**૨) શૈલેષ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ (સૌમીલભાઈ મોદી)** : ૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, બીજે માળે, બેગમોહમદ સ્કુલની સામે, મુંબઈ-૩, ફોન નંબરઃ ૨૩૪૨૬૩૧૬, ફોર્મ સ્વીકારવાનો સમય : સોમવારથી શનિવાર બપોરના ૧૨ થી ૬ વાગ્યા સુધી.

**૩) બાલાસિનોર પ્રગતિ સમાજ** : ૪૫/૪૯ બાબુગેનુ રોડ, બાલકૃષ્ણ કૃપા, ઓફ કાલબાદેવી રોડ, મુંબઈ-૨, ફોન નંબર : ૨૨૦૫૩૪૭૬, **સંપર્ક : શ્રી કિર્તી હીરાલાલ કડકીઆ** ફોર્મ સ્વીકારવાનો સમય : ૪ થી ૬ (સોમવાર થી શનિવાર)

**ઉપનગર ખાતે.**

**૪) શાહ હેમેન્દ્રભાઈ રમણલાલ શાહ (ચકવા)** : C-૩૦૨, સુમેરનગર, એસ.વી.રોડ, બોરીવલી વેસ્ટ, ફોર્મ સ્વીકારવાનો સમય સવારના ૧૦ થી ૧, મો.નંબર :૯૮૨૦૦૧૧૫૮૬

**૫) શ્રી વસંત નટવરલાલ દેસાઈ** : A-૩૦૩, શત્રુંજય બીલ્ડીંગ, પટેલ નગરની પાછળ, કાંદીવલી (વેસ્ટ), ફોૅમ સ્વીકારવાનો સમય સવારના ૧૦ થી ૧ વાગ્યા સુધી, મોબાઈલ નંબરઃ ૯૮૨૧૦૫૪૩૨૯

**નોંધ**

૧) તા. ૨૭-૧૦-૧૬ થી ૦૧-૧૧-૧૬ જમણવાર દરમ્યાન મીનરલ વોટર (Disposable Glass / Bottle) આપવામાં આવશે.

૨) ટીફીનની વ્યવસ્થા કરવામા આવશે નહીં.

૩) દરેક વ્યક્તિએ Govt.Photo ID સાથે રાખવું જરૂરી છે.

૪) સંઘ દ્વારા આયોજીત 'ચાલો બાલાસિનોર'ના પ્રોગ્રામ માં સાથે ન જોડાનાર વ્યક્તિઓને જમવાના પાસ બે દિવસ પહેલા મળી શકશે. Same Day જમવાના પાસ આપવામાં નહીં આવે.

| મંત્રી : | સંયોજક : | સહ સંયોજક : |
|---|---|---|
| **શ્રી ભાવેશ બીપીન મોદી** | **શ્રી જીગર મણીકાંત કડકીઆ** | **શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ** |
| ૮૮૭૯૪૨૨૩૦૪ | ૯૮૨૦૩૩૧૫૩૫ | ૯૮૩૩૮૬૭૬૦૧ |

# શ્રી સુદર્શનસંહિતામાં વિભીષણ અને ગરુડના સંવાદમાં વિભીષણે ગાયેલું શ્રી હનુમાન સ્તોત્ર (ફક્ત ભાવાર્થ)

હે હનુમાનજી આપને નમસ્કાર હો. હે મારુતનંદન આપને પ્રણામ શ્રી રામ ભક્ત આપનું અભિવાદન છે. આપનું મુખ શ્યામ-વર્ણનું છે. આપને નમસ્કાર, આપ ભગવાન શ્રી રામની સુગ્રીવ સાથે મૈત્રીના સ્થાપક અને લંકાને ભસ્મ કરવા ખેલખેલમાં જ મહાસાગરને કૂદી જનારા છો. વાનરવીર આપને પ્રણામ. શ્રી રામની વીંટી ને ધારણ કરનાર સીતાજીનો શોક નિવારનારા, રાવણના કુળનો સંહાર કરનારા આપને વારંવાર અભિવાદન. અશોકવનનો નાશ કરનારા અને મેઘનાદના યજ્ઞનો વિધ્વંસ કરનારા, ભયહરનારા આપને વારંવાર નમસ્કાર. આપ વાયુપુત્ર, વીરશ્રેષ્ઠ આકાશમાં વિચરણ કરનારા અને અશોકવનના રક્ષકોના શિરચ્છેદ કરીને લંકાના મહેલોની તોડફોડ કરનારા છો. આપની દેહકાંતિ તપ્ત સુવર્ણ જેવી છે. આપની પૂંછ લાંબી છે અને આપ સુમિત્રાનંદન લક્ષ્મણજીને વિજય અપાવનારા છો. શ્રી રામના દૂત એવા આપને પ્રણામ. આપ અક્ષકુમારનો વધ કરનારા, બ્રહ્મપાશ નિવારક, લક્ષ્મણજીના શરીરે મહાશક્તિનો આઘાત થતાં થયેલા ઘાને મટાડનારા, શત્રુઓ અને ભૂતપ્રેતનો સંહાર કરનારા તથા રીંછ વાનર વીરોના સમુદાયને માટે જીવનદાતા છો. આપને વારંવાર અભિવાદન. આપ શત્રુઓની સૈન્ય શક્તિનું મર્દન કરવાવાળા અને શસ્ત્રાસ્ત્રના વિનાશક છો. આપને નમસ્કાર. વિષ, શત્રુ અને જ્વરનો નાશ કરનારા આપને પ્રણામ. આપ મહાભયંકર શત્રુઓના સંહારક, ભક્તોના એકમાત્ર રક્ષક, અન્યોદ્વારા પ્રેરિત મંત્રયંત્રને થંભાવી દેનારા અને સમુદ્રના જળ ઉપર શિલાખંડોને તરાવવામાં કારણરૂપ છો. આપને વારંવાર અભિવાદન. આપ બાળ સૂર્યમંડળનો ગ્રાસ કરનારા અને ભવસાગર તારનારા છો. આપનું સ્વરૂપ મહાભયંકર છે. આપ

આયુધ તરીકે નખ અને દાંતને ધારણ કરો છો. આપ શત્રુઓની માયાજાળના વિનાશક અને શ્રી રામની આજ્ઞાનુસાર લોકોનું પાલન કરનારા છો. રાક્ષસો અને ભૂતોનો નાશ કરવાવાળા આપ દરેક ગામમાં મૂર્ત સ્વરૂપે સ્થિત છો. વિશાળ પર્વત અને વૃક્ષ આપના શસ્ત્રો છે. આપને નમસ્કાર હો. આપ એકમાત્ર બાલબ્રહ્મચારી, રુદ્રરૂપે અવતરેલા અને આકાશમાં ફરનારા છો. આપનો દેહ વજ્રજેવો કઠોર છે. એવા સર્વસ્વરૂપ આપને પ્રણામ. કૌપીન એજ આપનું વસ્ત્ર છે.

આપ સતત શ્રીરામભક્તિમાં રત રહેનારા છો. દક્ષિણ દિશાને પ્રકાશિત કરવાવાળા આપ સૂર્ય સમાન છો. સેંકડો ચંદ્રોદય જેવી આપની દેહક્રાંતિ કૃત્યાના આઘાતની વ્યથાનો નાશ કરવાવાળા, સમસ્ત કષ્ટો દૂર કરનારા, સ્વામીની આજ્ઞાનું સાર કુંભપુત્ર અર્જુનના યુદ્ધમાં મૈત્રીના સંસ્થાપક, વિજયદાયક, કિલકિલા અને બુબુક એવા ભીષણ ઉચ્ચારવાળા શબ્દ કરનારા, સર્પ, અગ્નિ, અને વ્યાધિના સ્તંભક, વનચારી સદા વનફળનો આહાર કરનારા અને સાગર ઉપર શિલાઓથી સેતુ નિર્માણ કરનારા આપને નમસ્કાર. આ સ્તોત્રનો પાઠ કરવાથી વાદ-વિવાદ, સંગ્રામ, ઘોર ભય અને મહાવનમાં સિંહવાઘ આદિ હિંસક પ્રાણીઓ તથા ચોરોથી ભય લાગતો નથી. જો કોઈ મનુષ્ય આ સ્તોત્રનો પાઠ કરે તો એ દૈનિક ભય, વ્યાધિ, સ્થાવર, જંગમ સંબંધી વિષથી, રાજાના ભયંકર શસ્ત્રોથી અને ગ્રહોથી ભય, જળ, સર્પ અતિવૃષ્ટિ, દુષ્કાળ તેમજ પ્રાણસંકટ વગેરે સમસ્ત પ્રકારના ભયોથી મુક્ત થઈ જાય છે. આ સ્તોત્રનો પાઠ કરનારને ક્યાંય કશો ભય રહેતો નથી. સવારે-બપોરે અને સાંજે એમ દિવસમાં ત્રણવાર રોજ આ સ્તોત્રનો પાઠ કરવો જોઈએ. આથી બધી કામનાઓ પૂર્ણ થાય છે. વિભીષણે કરેલાં આ સ્તોત્રનો ગરૂડજીએ યથોયોગ્ય રીતે પાઠ કર્યો હતો જે મનુષ્ય ભક્તિભાવપૂર્વક આ સ્તોત્રનો પાઠ કરશે તેને બધી સિધ્ધિઓ હસ્તગત થઈ જશે.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત
# 'લાલખા - બેરા T - 20 ટુર્નામેન્ટ 'વર્ષ ૨૦૧૫-૨૦૧૬

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ 'લાલખાં-બેરા' T-20 ટુર્નામેન્ટનું આયોજન તા. ૨-૫-૨૦૧૫ શનિવારના રોજ હિન્દુ જીમખાનામાં કરેલ હતું. શરૂઆતમાં સંઘના મંત્રી શ્રી ભાવેશભાઈ મોદીએ સૌને આવકાર્યા હતા. અને બધા પ્લેયર્સને બેસ્ટઓફ લક કહ્યું હતું. ટુર્નામેન્ટના બન્ને સંયુક્ત દાતા શ્રી દીલીપભાઈ ધારીઆ (લાલખા) અને શ્રી રૂપીનભાઈ (બેરા) નો પણ મંત્રી શ્રીએ આભાર માન્યો હતો. આ ટુર્નામેન્ટમાં બધાજ પ્લેયરોને કલરીંગ કપડા શ્રી અલ્પેશભાઈ ધારીઆ તરફથી આપવામાં આવ્યા હતા.

આ ટુર્નામેન્ટ ૨૦ ઓવરની જગ્યાએ ૧૫ ઓવરની રાખવામાં આવેલ હતી. અને તેમાં ત્રણ ટીમોએ ભાગ લીધો હતો અને એકજ દીવસમાં આ ટુર્નામેન્ટ પુરી કરવામાં આવી હતી. ત્રણ ટીમના કેપ્ટન તરીકે શ્રી ધરવ પરીખ, શ્રી મીતેન પરીખ અને શ્રી રોહન ધારીઆની નીમણુંક કરવામાં આવી હતી.

**૧) પ્રથમ મેચ:**

**શ્રી રોહન ધારીઆ વિરુધ્ધ શ્રી મીતેન પરીખ**

શ્રી રોહન ધારીઆની ટીમનો સ્કોર
૧૩૭/૪-૧૫ ઓવરમાં

શ્રી મીતેન ધારીઆની ટીમનો સ્કોર
૧૧૮/૬ - ૧૫ ઓવરમાં

**મેન ઓફ ધ મેચ -**
શ્રી સચીન મહેતા ૫૨ રન બનાવ્યા હતા.

**૨) દ્વિતિય મેચ:**

**શ્રી મીતેન પરીખ વિરુધ્ધ શ્રી ધરવ પરીખ**

શ્રી મીતેન પરીખની ટીમનો સ્કોર
૮૫ રનમાં ઓલ આઉટ

શ્રી ધરવ પરીખ ની ટીમનો સ્કોર
૮૯ રન - ૭.૨ ઓવરમાં

**મેન ઓફ ધ મેચ**

શ્રી પુરવ પરીખ (૪ વીકેટ લીધી હતી.
જેમાં તેમને હેટ્રીક લીધી હતી.)

**૩) તૃતીય મેચ :**

**શ્રી રોહન ધારીઆ વિરુધ્ધ શ્રી ધરવ પરીખ**

શ્રી રોહન ધારીઆની ટીમનો સ્કોર
૧૧૩/૭ - ૧૫ ઓવરમાં

શ્રી ધરવ પરીખની ટીમનો સ્કોર
૮૬/૮ - ૧૫ ઓવરમાં

**મેન ઓફ ધ મેચ**
શ્રી કૃણાલ દેસાઈ (૩ વીકેટ લીધી હતી.)

શ્રી રોહન ધારીઆ અને તેમની ટીમને 'લાલખા બેરા ટી-૨૦' ટ્રોફી વર્ષ ૨૦૧૫-૨૦૧૬ જીતવા માટે અભિનંદન.

ઉપરોક્ત ટુર્નામેન્ટમાં આપવામાં આવેલા વિવિધ ઈનામો

**બેસ્ટ બેસ્ટમેન ઓફ ધ સીરીઝ - શ્રી સચીન મહેતા**
**બેસ્ટ બોલર ઓફ ધ સીરીઝ - શ્રી પુરવ પરીખ**
**મેન ઓફ ધ સીરીઝ - શ્રી રોહન ધારીઆ**

કલરીંગ કપડાં ત્રણેય ટીમને શ્રી અલ્પેશભાઈ ધારીઆ તરફથી આપવામાં આવ્યા હતા. તે બદલ સંસ્થા તેમનો આભાર માને છે.

**મંત્રી : શ્રી ભાવેશ મોદી**
**સંયોજક : શ્રી ચીરાગ પરીખ**

✤✤✤✤✤

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
# શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાળા)
# પુરસ્કૃત ઉપનગર વિભાગ

પ્રથમ પ્રોગ્રામ : દાંડીયારાસ, તા. ૧-૧૧-૨૦૧૫ સમય સાંજના ૬ થી ૧૦ સ્થળ : કેવલબાગ (કાંદિવલી વેસ્ટ) ખાતે આયોજન કરેલ હતો.

ઉપરોક્ત પ્રોગ્રામમાં અંદાજીત ૬૦૦ માણસોએ ભાગ લીધો હતો. પ્રોગ્રામમાં આવનાર દરેક વ્યક્તિને ગોકુલના પેંડા આપી સ્વાગત આપવામાં આવ્યું હતું. જેનો ખર્ચ શ્રી નલીન નટવરલાલ દેસાઈએ આપેલ હતો સંસ્થા તેમનો આભાર માને છે.

ઉપરોક્ત પ્રોગ્રામ માટેના મુખ્ય મહેમાન મંજુલાબેન રસીકલાલ શાહ (ઝાટ) હતા. તેમણે રૂા. ૨૬,૦૦૦/- નું માતબર દાન આપેલ હતું. (હસ્તે શ્રી અશ્વીન રસીકલાલ શાહ (ઝાટ)). સંસ્થા તેમનો આભાર માને છે.

ઉપરોક્ત પ્રોગ્રામમાં દરેક વ્યક્તિને વિનામૂલ્યે નાસ્તો, પાણી આપવામાં આવેલ હતા. જેના દાતાશ્રીઓ નીચે મુજબ છે.

(૧) શ્રી રાજુભાઈ મણીલાલ શાહ (ઝાટ) રૂા. ૧૦,૦૦૦/-

(૨) શ્રી નીલેશ કંચનલાલ કડકીઆ (લટકારી) રૂા. ૧૦,૦૦૦/-

(૩) શ્રી વસંત નટવરલાલ દેસાઈ

ઉપરના દરેક દાતાશ્રીઓનો સંસ્થા આભાર માને છે.

પ્રોગ્રામ દરમ્યાન દરેકને ઠંડુ પીણું આપવામાં આવેલ હતું. જેનો ખર્ચ દાતાશ્રી સુધીરભાઈ ચીમનલાલ ધારીઆ (રંગુનવાળા) રૂા. ૮,૦૦૦/- આપેલ હતો. સંસ્થા તેઓનો આભાર માને છે.

ઉપરોક્ત પ્રોગ્રામના અન્ય ખર્ચને પહોંચીવળવા માટે નીચેના દાતાશ્રીઓએ સાથ સહકાર આપેલ છે.

(૧) શ્રી ગુંજન જીતેન્દ્રભાઈ કડકીઆ (બનડા) રૂા. ૧૨,૦૦૦/-

(૨) શ્રી કેતન રજનીકાંત કડકીઆ રૂા. ૫,૦૦૦/-

(૩) શ્રી અનીષ કીરીટભાઈ પરીખ રૂા. ૫,૦૦૦/-

(૪) શ્રી મહેન્દ્રભાઈ બાબુલાલ મોદી (મેઘલીયાવાળા) રૂા. ૫,૦૦૦/-

(૫) શ્રી દીનકરલાલ ઓચ્છવલાલ શાહ (શહેરાવાળા) રૂા. ૫,૦૦૦/-

ઉપરોક્ત દરેક દાતાશ્રીઓનો સંસ્થા આભાર માને છે. મનીષ શાહ ઓર્કેસ્ટ્રાના સંગીતમય તાલે સમગ્ર પ્રોગ્રામ ખુબજ ભવ્ય રીતે મનાવવામાં આવેલ હતો.

**મણીબેન મણીલાલ શાહ (ઝાટ)**

**વાર્ષિક પારિતોષિક ધોરણ ૧ થી ૯ (ઉપનગર વિભાગ)**

ઉપરોક્ત પારિતોષિકના ઈનામ દરેક વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને શ્રીમતી નીતાબેન રાજુભાઈ શાહના હસ્તે આપવામાં આવ્યા હતા.

**દ્વિતીય પ્રોગ્રામ**

નાટક : સંસારનું કોમેડી સર્કસ

સ્થળ: શ્રી પ્રબોધન ઠાકરે હોલ

તારીખ: ૨૭-૩-૧૬ સમય : સવારના ૧૦ વાગ્યે

ઉપરોક્ત પ્રોગ્રામમાં અંદાજીત ૮૦૦ વ્યક્તિઓએ નાટકની મજા માણેલ હતી.

ત્યારબાદ જમવાની વ્યવસ્થા રાખેલ હતી. જેમાં ૧૪૫ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. જમવાની વ્યવસ્થા ઓનેસ્ટ રેસ્ટોરેન્ટમાં રાખેલ હતી. જેમાં શ્રી ગુંજન જીતેન્દ્રભાઈ કડકીઆ (બનડા)એ સુંદર સાથ અને સહકાર આપેલ હતો. સંસ્થા તેમનો આભાર માને છે.

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**

**સંયોજક : શ્રી વસંત નટવરલાલ દેસાઈ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૯મી બેઠક તા. ૨૪-૪-૨૦૧૬ રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે હોટલ ગ્રીનવીલા કોરા કેન્દ્ર (બોરીવલી વેસ્ટ) ખાતે પ્રમુખશ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ મળી હતી.

સહ મંત્રીશ્રી જાસ્મીન શેઠએ ગત મીટીંગનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

મંત્રીશ્રી ભાવેશ મોદીએ વર્ષ ૨૦૧૫-૨૦૧૬નો વાર્ષિક અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

ખજાનચી શ્રી જતીન કોટિયાએ વર્ષ ૨૦૧૫-૨૦૧૬ના બજેટની રજુઆત કરી હતી તે ચર્ચા વિચારણા બાદ પસાર કરવામાં આવી હતી.

મંત્રીશ્રી ભાવેશ મોદી વન ડે મીટીંગ તા. ૨૮-૫-૨૦૧૬ના રોજ તથા વાર્ષિક સામાન્ય સભા તારીખ ૨૬-૬-૧૬ની તારીખોની રજુઆત કરી હતી.

ચાલો બાલાસિનોરના સંયોજક શ્રી જીગર કડકીઆએ ''ચાલો બાલાસિનોર'' માટે વિવિધ તારીખો આપી હતી અને સૌ મેમ્બરનેઆ વખતે જોડાવાની વિનંતી કરી હતી.

કુલ ૩ લિવ અરજીઓ આવી હતી તેમના નામ નીચે મુજબ છે.

૧) શ્રી અલ્પેશ ધારીઆ
૨) શ્રી યોગેશ ધારીઆ
૩) શ્રી દક્ષેશ કડકીઆ

**પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.**

**- શ્રી ભાવેશ બીપીન મોદી**

## આંતરિક રમત-ગમત (પરા વિભાગ ) ૨૦૧૫-૨૦૧૬

Sponsored by : શ્રી સુરેન્દ્ર રતીલાલ પરીખ (M/s સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોર્પોરેશન) અને શ્રી દક્ષેશભાઈ, શ્રી મીનીષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝ)

ગત અંકમાં ત્રણ હક્કદાર ચેસ (Jr.) વિજેતાના નામ રહી ગયા હતા તે નીચે પ્રમાણે છે.

**(૧) દીપ મોદી,**
**(૨) દક્ષ દેસાઈ,**
**(૩) પરીન મોદી.**

**મંત્રી : ભાવેશ મોદી** **સંયોજક : અજીત મોદી**

## દાનની યાદી

### શ્રી વાડાસીનોર દશાનીમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ

**શ્રી ચંદ્રકાંત ભીખાલાલ પરીખ (રોકડીઆ)** તરફથી **રૂા. ૧,૦૦,૦૦૦/-**નું માતબર દાન મળેલું છે.


દાન તેમના પિતાશ્રી સ્વ. ભીખાલાલ કોદરલાલ પરીખ, માતુશ્રી સ્વ. જયાબેન ભીખાલાલ પરીખ તથા પત્ની સ્વ. ઈન્દુમતી ચંદ્રકાંત પરીખની સ્મૃતિમાં મળેલ છે.

**સંસ્થા તેમનો આભાર માને છે.**

**- કીરીટભાઈ ધારિયા માનદ્ મંત્રી**

## ચોકલેટ્સ

### ''વિ'' થી શરૂ થતી વિગત ઉકેલો :-




(૧) જીતના જશનથી સ્ટેડિયમમાં ........... લહેરાવા લાગી (૬)

(૨) ........... નંબર ૨૦૩, હિન્દી ફિલ્મ (૪)

(૩) ઘણા હેતુઓ સિદ્ધ કરતી વિદ્યાલય (૫)

(૪) એક સદ્‌ગુણ (૩)

(૫) અનાહત્‌ચક્ર, ..........., આજ્ઞાચક્ર (૬)


(૬) કંકાસ (૪)

(૭) પુરુષનું નામ (૫)

(૮) મુંબઈની ........... કોલેજ, સમજોને તમારું કામ થઈ ગયું (૩)

જવાબ : (૧) વિજયપતાકા (૨) વિકટોરિયા (૩) વિવિધલક્ષી (૪) વિનય (૫) વિશુધ્ધાક્ષ (૬) વિખવાદ (૭) વિદ્યાસાગર (૮) વિલ્સન.

## પગથિયા




(૧) જ્યોતિષો હવે શું બનશે તે વિશે કહે છે (૫)

(૨) વૈષ્ણોદેવીના દર્શન પછી આની યાત્રા લોકો ખાસ કરે છે. (૫)

(૩) ચમકતો રૂપાળો પત્થર (૬)

(૪) આવા બાળકોને રાષ્ટ્રપતિએ નવાજ્યા (૪)

(૫) બંને ટીમ વચ્ચે હોડ જામી છે. (૪)

(૬) ભાવપૂર્વકના વંદન (૬)

(૭) અહીં વિજ્ઞાનના વિષયોમાં ઊંડા ઉતરાય છે (૫)

(૮) આપણી એક ખીજ (૮)

જવાબ

(૧) ભવિષ્યકાળ (૨) કાળભૈરવ

(૩) આરસપહાણ (૪) બહાદુર

(૫) રસાકસી (૬) સાદરપ્રણામ

(૭) પ્રયોગશાળા (૮) સિકંદરાબાદવાળા


શ્રી સુકેતુ આર. મોદી (સી. લાઈટ) ના જે જે શ્રી ગોકુલેશ

## હીંડોળા ખાટ

## આપણી કહેવતો

(૧) નવગજના ....................

(૨) સોળે .................... અને વીસે ....................

(૩) પૈસો મારો .................... ને હું પૈસાનો ....................

(૪) શેઠની .................... ઝાંપા સુધી.

(૫) ક્યારેક દવા કરતા .................... વધારે કામ લાગે.

(૬) જેનો ઉદય તેનો .................... છે.

(૭) ખીચડી ને .................... નહીં ને દીકરી ને .................... નહીં.

(૮) મરદ રડે .................... ને બૈરી રડે .................... ને.

(૯) મુંબઈમાં .................... મળે પણ.................... ન મળે.

(૧૦) અપના હાથ ....................

(૧૧) નાક કરીએ .................... તો પેટ આવે ....................

(૧૨) સુરતનું .................... ને કાશીનું ....................

(૧૩) .................... વિના વેલો ન ચડે.

(૧૪) વિદ્યા .................... થી શોભે છે.

(૧૫) .................... એ સોનાની ખાણ છે.

**જવાબ :**
(૧) નમસ્કાર (૨) શાન, વાન. (૩) પરમેશ્વર, દાસ (૪) શિખામણ (૫) દુઆ (૬) અસ્ત (૭) હલાવવી, લડાવવી (૮) નામ, દામ, (૯) રોટલો, ઓટલો, (૧૦) જગન્નાથ (૧૧) નીચું, ઉંચુ. (૧૨) જમણ, મરણ (૧૩) વાડ (૧૪) વિનય (૧૫) ઓળખાણ

## જીવન મારું બદલાય ગયું

- ગીતા રાજેન્દ્ર લટકારી

જ્યારથી મેં ભગવાન જાણ્યાં (ઓળખ્યા)
ત્યારથી મારું જીવન બદલાય ગયું,
જ્યારથી મેં તમને મેળવ્યા છે.
ત્યારથી મારું જીવન બદલાઈ ગયું. (૧)

રોમે રોમમાં બસ આવે તમારું નામ
કરતી રહું બસ તમારું કામ
એટલે માટે મારું તન અને તમારું મન
ત્યારથી જીવન મારું બદલાઈ ગયું (૨)

ગુણગાન તમારાં નિત-નવાં ગાઉં
ભાવ વિભોર બની પ્રભુ તારી સેવા કરું
એટલાં માટે મેં આ ગીત ગાયાં
ત્યારથી મારું જીવન બદલાય ગયું (૩)

રાતની પળોનો સમય બદલાઈ ગયો
બીજા દિવસનો સૂરજ ઉગી ગયો,
હવે તો મારું મન ને તારી છાયા (છત્રછાયા)
ત્યારથી મારું જીવન બદલાય ગયું. (૪)

ગુરૂ એ (સમજાવ્યું) શિખવાડીયું વેદ વચનને,
બસ હું અને પ્રભુ નું
એટલાં માટે હું મારા ભાગ્યને સમજી ગઈ,
ત્યારથી મારું જીવન બદલાય ગયું. (૫)

આ હળહળતાં કળયુગનાં જમાનામાં,
માનવની શ્રૃષ્ટિનાં જગતમાં
માનવીનું જીવન બદલાય જાય છે.
ત્યારથી મારું જીવન બદલાય ગયું.

તનની આંખ ખૂલે તો સંસાર દેખાય છે
મનની આંખ ખૂલે તો પ્રભુ સાક્ષાત્કાર દેખાય છે,

આ મારાં અંતર આત્માંથી, નીકળેલા સુગંધી ફૂલની કળી જેવાં શબ્દોને શ્રદ્ધા અને વિશ્વાસથી લખ્યાં છે.

# મોહે રંગદે



# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ
# બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ

## શૈક્ષણિક સહાય અંગેના અરજીપત્રક મેળવવા અંગે જરૂરી માર્ગદર્શન

ઉપર્યુક્ત મંડળ/ટ્રસ્ટ સંચાલિત પ્રવૃત્તિના અનુસંધાનમાં ચાલુ વર્ષે (૨૦૧૫-૧૬) શૈક્ષણિક સહાય લેવા ઈચ્છુક વિદ્યાર્થીમિત્રોએ તા. ૧-૬-૨૦૧૬ બાદ નીચે જણાવેલ સ્થળેથી અરજીપત્રક મેળવી લેવા અને તા. ૫-૮-૨૦૧૬ સુધી સંપુર્ણ વિગત સાથે ભરીને તે જ સ્થળે પાછા આપી જવા.

અરજીપત્રક સાથે ચાલુ વર્ષ (૨૦૧૬-૧૭)ની ફી ભર્યાની Original રસીદ (Xerox સાથે) તેમજ ગત વર્ષની પરીક્ષા પાસ કર્યાના પરિણામની Xerox આપવી જરૂરી છે. અધુરી વિગત સાથેના ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

**અરજી પત્રક સંપુર્ણ વિગત ભરીને પાછા આપવાનું સ્થળ :**

**૧. શ્રી જગદીશ શાંતિલાલ પરીખ (જુનાગઢવાળા)**
બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળી લી., ગણેશ કૃપા, સિક્કા નગર, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪
સમય : સોમ થી શનિ : બપોરે ૩ થી ૫.૩૦ કલાક

**૨. શ્રી કીર્તિભાઈ કડકીઆ (લટકારી)**
શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, બાલકૃષ્ણ કૃપા, ૧લે માળે, ૪૫/૪૭, બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨,
સમય : સોમવાર થી શનિવાર બપોરના ૪.૦૦ કલાકથી સાંજે ૬.૦૦ કલાક સુધી.

**વિદેશ જઈ અભ્યાસ કરનાર માટે ફોર્મ ભરવાનું સ્થળ :**

**૧. શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ**
શ્રીપતી આર્કેડ, ૨૩ મા માળે, એ.કે. માર્ગ, નાના ચોક, મુંબઈ - ૪૦૦૦૩૬. સમય સાંજે ૩ થી ૫

સંપુર્ણ વિગત ભરેલા અરજીપત્રક મળ્યા બાદ દરેક અરજીપત્રકની યોગ્ય ચકાસણી કરવામાં આવશે અને શૈક્ષણિક સહાય સમિતિની મંજુરીને આધીન રહેશે.

**મંજુર થયેલ શૈક્ષણિક સહાયના ચેક મેળવવાનું સ્થળ :**

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, બાલકૃષ્ણ કૃપા, ૧લે માળે, ૪૫/૪૭, બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨
સમય : સોમવાર થી શનિવાર સાંજે ૪ થી ૬ કલાક સુધી.

## પારિતોષિક યોજના

શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬નાં અભ્યાસક્રમ દરમ્યાન માર્ચ/એપ્રિલ/મે ૨૦૧૫અથવા અન્ય સમયે લેવાયેલ પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીમિત્રોને વિવિધ શૈક્ષણિક વિભાગમાં સખાવતી દાતાઓ તરફથી પ્રાપ્ત થયેલ ન્યાસફંડની રકમનાં વ્યાજમાંથી મંડળ/ ટ્રસ્ટ દ્વારા પ્રતિ વર્ષ પારિતોષિક આપવામાં આવે છે.

**નોંધ :** આ યોજના S.S.C. (ધોરણ ૧૦) તેમજ ત્યારબાદ કોલેજના ઉચ્ચતર અભ્યાસક્રમ માટે જ છે. સફળ વિદ્યાર્થીમિત્રોએ પરિણામ (માર્કશીટ)ની ઝેરોક્ષ કોપી મંડળની કારોબારી સમિતિના સભ્યોને તા. ૫-૮-૨૦૧૬ પહેલાં મોકલાવી આપવા વિનંતી.

ઉપયુક્ત બન્ને પ્રવૃત્તિ અંગેની વધુ માહિતી માટે મંડળના માનદ્ મંત્રીઓનો સંપર્ક સાધવો.

**માનદ્ મંત્રીઓ**

**શ્રી મંજુલ શૈલેશ ધારીઆ - ૯૮૨૦૧૩૫૦૧૪** **શ્રી જસ્મીન બિપીન શેઠ - ૯૮૨૦૮૩૦૦૬૦**

શ્રી બાલાસીનોર નવયુવક સંઘ પુરસ્કૃત

# શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચોધરી) ૧૧મી ટેલિફોન ડિરેકટરી

શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચોધરી) ૧૧મી ટેલિફોન ડિરેકટરીનું વિતરણ રૂા. ૫૦/- ભરીને નીચેના જણાવેલ સ્થળ પરથી મળશે.

૧) **લોહાર ચાલ : નિકોશી ટ્રેડીંગ કંપની:**
૧૨/૫૧, ૧લે માળે, કાર્મેલસ બીલ્ડીંગ, ૬૩/૬૭ પાઠક વાડી, મુંબઈ - ૪૦૦૦૦૨,
**સંપર્ક:** શ્રી સમીર ગાંધી : ૦૨૨-૨૨૦૬૦૨૯૪

૨) **નાગદેવી : શૈલેશ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ:**
૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૨જે માળે,, મુંબઈ - ૪૦૦૦૦૩
**સંપર્ક :** શ્રી સૌમીલ મોદી - ૦૨૨-૨૩૪૦૦૫૦૨,
**સમય :** બપોરે ૧૨.૦૦ થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી

૩) **શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) :** સી/૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરિવલી (વેસ્ટ), મો: ૯૮૨૦૦૧૧૫૮૬

૪) **શ્રી વસંત એન. દેસાઈ :** એ/૩૦૩, શત્રુંજય, પટેલ નગરની પાછળ, એમ. જી. ક્રોસ રોડ નં. ૪, કાંદિવલી વેસ્ટ, મુંબઈ - ૬૭, મો.: ૯૮૨૧૦૫૪૩૨૯

૫) **સંસ્થાની ઓફિસ:** ૧૧૮/૧૨૦ અર્દેશર દાદી સ્ટ્રીટ, ૨જે માળે, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪, ફોન નં.: ૨૩૮૮૭૦૦૬
**સમય :** સોમવાર થી શનિવાર, ૨ થી ૭ (સાંજે), રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**'આપ સર્વના સુંદર પ્રતિસાદને લીધે અત્યાર સુધી ૧૨૦૦ પ્રત વેચાઈ ચૂકી છે. નવી પ્રત છપાઈ ગઈ છે, તમારી કોપી મેળવી લેવા નમ્ર વિનંતી.**

**મંત્રી** — **ભાવેશ મોદી**

**સંયોજક - સહમંત્રી** — **જસ્મીન શેઠ**

## બાલાસિનોર વિદ્યામંડળ
# પ્રશંસનીય દાન

આપણી સંસ્થાને રૂા. ૨૫,૦૦૦/- નું માતબર દાન સંસ્થાના ભૂતપૂર્વ કારોબારી સભ્ય શ્રી સતીશચંદ્ર ભીખાલાલ પરીખ (વકીલ) તરફથી તેમના ધર્મપત્ની શ્રીમતી ઈંદીરાબેન સતીશચંદ્ર પરીખ (રોકડીઆ)ની મધુર યાદમાં ફી રાહત યોજના માટે મળ્યું છે.

આપણી કોલેજના આર્થિક પછાત વિદ્યાર્થીઓના લાભાર્થે તેમની શૈક્ષણિક તથા કોમ્પ્યુટર ફીની રાહત પેટે આ રકમનો સદુપયોગ કરવામાં આવશે.

સંસ્થા તેમના પરિવારનો જ્યોતિપુંજના જાહેર માધ્યમ દ્વારા આભાર વ્યક્ત કરે છે. અને પરમકૃપાળુ પરમાત્માને તેમના ઉત્કર્ષ અને સુખ-સમૃધ્ધિ માટે પ્રાર્થના કરે છે.

## વાડાસિનોર પ્રગતિ સમાજ
## કો.ઓ. ક્રેડીટ સોસાયટી લીમીટેડ

**સર્વ શેર હોલ્ડરભાઈઓ તથા બહેનો**

સવિનય નિવેદન છે કે ઉપરોક્ત ક્રેડીટ સોસાયટીની ૩૦મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૩-૬-૨૦૧૬ને ગુરૂવારના રોજ સાંજે ૭ કલાકે તેજપાલ ઓડીટોરીયમ ખાતે પ્રમુખ શ્રી પ્રફુલભાઈ ચીમનલાલ શાહના પ્રમુખ સ્થાને રાખવામાં આવેલ છે. તો સૌ શેર હોલ્ડર સભ્યોએ સમયસર હાજર રહેવા વિનંતી.

**- માનદ્‌મંત્રીઃ**

**શ્રી મંજુલભાઈ શૈ. ધારીયા,**

**શ્રી નિતિનભાઈ પી. ગાંધી**

## હાસ્યના ઝરૂખા - પસ્તી પેલેસ

**- નયન કડકીઆ**

જૂના પુરાણા છાપા બાટલી ભાંગારવાલા,
જ્યાં કચરાની કિંમત થાય તે ભારત દેશ મહાન,
બી એમ સી વાળા બાકડો મારો ઊઠાવી ગયા,
અમી દ્રષ્ટિ ઓફિસર જમીન બતાવી જેને,
પડતર જમીન પર બાંધ્યો બાકડો રીત ધંધાની જાણી,
સરકારી દફતરના કાગળથી થશે અઢળક કમાણી,
કોર્ટ કચેરી કમ્પ્લેનને કાવાદાવાના કાગળનો નહીં પાર,
છાપા બપોરિયા માસિક વિકલી ચોપાનિયા અપરંપાર,
અસ્ત વ્યસ્ત ફાઈલો દેખી મોદીજી અકળાયા ખુબ,
મેરે ભાઈઓ આથી તો સ્વચ્છ ભારતની પ્રતિમા ખરડાય,
જમીન હથિયાર ખૂન રેપ ટુજી થ્રીજી
જેવા તો કેટલાયે કૌંભાડ
મંત્રી, તંત્રી, કવિ, લેખક,
મૂળ શોધવા પસ્તીવાળા પાસે જાય,
કોઈ કામ હલકું કે નીચું હોતું નથી જો નિષ્ઠાપૂર્વક કરાય
ફેરી કરતો ફેરિયો પસ્તી પેલેસ દેખી બહુ હરખાય.

---

## જ્ઞાતિ ગૌરવ



ધોરણ ૨ના વિદ્યાર્થી ધીર નિરવ પિયુષ પરીખે International Olympaid of Mathemati's માં વર્ગ માં પ્રથમ ક્રમાંક હાંસલ કર્યો છે. સંસ્થા વતી અભિનંદન.

**અચ્છે દિન આનેવાલે હૈ**

**વિરાટ કોહલી-એ.આર.રહેમાન-સોનુ નિગમ-શ્રેયા ઘોષાલ-રણબીર કપુર**

**જેવા કલાવંતો અને રમતવીરો કે અન્ય કોઈપણ પ્રકારની અસાધારણ પ્રતિભા ધરાવનાર**

**વાડાસિનોર દશાનીમા વણિક સમાજના નામી અનામી તારલાંઓને જાહેર નિમંત્રણ, આપની ઉપલબ્ધિઓથી અમને વાકેફ કરો. આપની ઉપલબ્ધિઓને**

**શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકીઆ અને શ્રીમતી રૂપલબહેન પ્રદીપ કડકીઆ (ખીસાદાર) પુરસ્કૃત**

## TALENT APPRECIATION SCHEME

અન્વયે સમાજ સમક્ષ પ્રકાશિત કરી, આપનું અને સમાજનું ગૌરવ કરવાની અમને તક આપો.

આપની ઉપલબ્ધીઓ, આપના અને આપનાં કુટુંબીજનો માટે તો ગૌરવપ્રદ બની જ રહેશે, સાથે સાથે સમાજ જનો અને ભાવિ પેઢી માટે પણ પ્રેરકબળ બની રહેશે.

અમે આશા રાખીએ કે આ જાહેરાતનાં દરેક વાંચક, પોતાનાં સંબંધીઓના વર્તુળમાં આવાં કોઈપણ તારલાં હોય તો એ વિષે અમને જાણ કરે અથવાં તો તેઓને અમારાં સુધી પહોંચવા પ્રોત્સાહિત કરે.

વાડાસિનોર દશાનીમા વણિક સમાજની દરેક દિકરીઓ અને તેમનાં સંતાનોની ઉપલબ્ધીઓ પણ સન્માનને પાત્ર છે.

**માનદ્‌મંત્રીઓ**

**શ્રી જસ્મીન બિપીન શેઠ - ૯૮૨૦૮૩૦૦૬૦ શ્રી મંજુલ શૈલેશ ધારીઆ - ૯૮૨૦૧૩૫૦૧૪**

---

મંડળ દ્વારા જાહેર થયેલ સ્કીમો પૈકી એક એવી શૈક્ષણીક સ્કીમ માટે સંસ્થાને નીચે મુજબ દાતાશ્રી પ્રાપ્ત થયેલ છે.

૧) Education Scheme for Information Technology Course Rs. 11,00,000/- જણાવતાં સહર્ષ આનંદ થાય છે કે આ સ્કીમ શ્રીમતી પ્રમિલાબેન રમેશચંદ્ર મોહનલાલ દેસાઈ (મેનપુરાવાળા) એજ્યુકેશન સ્કીમ ફોર ઈન્ફોરમેશન ટેકનોલોજી કોર્સીસના નામે પુરસ્કૃત થયેલ છે. હસ્તે શ્રી અશિત રમેશચંદ્ર દેસાઈ. શ્રી સમીર રમેશચંદ્ર દેસાઈ તથા શ્રીમતી તનુજા શાહ.

**મંડળ દાતાશ્રીઓનો અને તેમના પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.**

**માનદ્‌મંત્રીઓ**

**શ્રી મંજુલ શૈલેશ ધારિયા, શ્રી જસ્મીન બિપીન શેઠ**

---

**સુધારો**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**

**શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર)**

**સહભાગી સ્વ. મંજુલાબેન શાંતીલાલ પરીખ અને સ્વ. શાંતીલાલ સાંકરલાલ પરીખ (રાઠોડીઆ)**

**નોટબુક રાહત યોજના**

સંસ્થા દ્વારા ચાલતી ઉપર્યુક્ત યોજનામાં નોટબુકો આપવામાં આવે છે. આ યોજનાનો જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓને જણાવવાનું કે આ અંગેના નવા અરજીપત્રકો તા. ૨૯-૫-૧૬ થી સંસ્થાની ઓફિસમાં સંપૂર્ણ વિગતો સાથે ભરી ને આપી જવા. આ અંગેના નવા અરજીપત્રકો સંસ્થાની ઓફિસમાં સંસ્થાના કાર્યાલયના સમય દરમ્યાન મળશે. **નોંધ :** નોટબુક રાહત યોજના હેઠળ નોટબુકનું વિતરણ તા. ૫-૬-૨૦૧૬ના રવિવારે સવારના ૯ કલાકે સંસ્થાના કાર્યાલય ખાતે કરવામાં આવશે. **નોંધ :** ફક્ત નવા અરજીપત્રકો જ સ્વીકારવામાં આવશે. **કાર્યાલયનો સમય :** સોમવાર થી શનિવાર બપોરે ૨ થી ૭ રવિવાર સવારે ૯.૩૦ થી ૧૧.૩૦. (દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે).

**મંત્રી : ભાવેશ મોદી (ઠાસરાવાળા) સંયોજક : જીતેન્દ્ર પ્રવિણચંદ્ર પારેખ**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત

# મહિલા વિભાગ

એપ્રિલ મહિનાનો FUNTAKSHARI નો કાર્યક્રમ ૧૫૦ participant બહેનો તથા ૧૫૦ audience બહેનો સાથે ખુબ જ સુંદર રીતે ભજવવામાં આવ્યો હતો. વિજેતા ટીમ તથા ભાગ લેનાર સર્વેને આકર્ષક ઈનામો આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ માટે એક દાતા તરફથી રૂા.૨૦,૦૦૦/-નું - મળ્યું હતું. સમોસા, ઢોકળા, કેક, ફ્રુટીનો નાસ્તો તથા સૂરમયી સાંજ માણીને સૌ છુટા પડયા હતા.

આગામી કાર્યક્રમની જાહેરાત તા. ૪-૬-૧૬ શનિવારે બપોરે ૨.૩૦ કલાકે મહિલા આધાર ભવન, કાંદિવલી વેસ્ટ, રઘુલીલા મોલની બાજુમાં GAMES-2 THE FUN CONTINUES રાખવામાં આવ્યો છે. જેના પાસ રૂપિયા ૧૦૦ આપી ૨૪-૫-૧૬ મંગળવારે બપોરે ત્રણ થી ચાર દરમિયાન સંસ્થાની ઓફિસમાંથી મેળવી શકાશે. અથવા આપ કોઈ પણ સમિટી મેમ્બર પાસે નામ લખાવી શકશો.

## કિર્તન

**રાગ : સારંગ** **કુંજ કે પદ**

ચલો સખી કુંજગોપાલ જહાં।
તેરી સો મદનમોહન પે ચલ લે જાઉં તહાં, ।।૧।।
આછે કુસુમ મંદ મલયાનિલ તરૂ કદંબકી છાંહ ।
તહાં નિવાસ કિયો નંદનંદન ચિત્ત તેરે તન માંહ ।।૨।।
એસીરી બાત સુનત વ્રજસુંદરી તોહિ રહ્યો ક્યોં ભાવે ।
પરમાનંદ સ્વામી મનમોહન ભાગ્ય બડે તે પાવે ।।૩।।

**- નિમીષા જી. કડકીયા**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

૧) **શાહ સ્મીત અશોક (યુ.એસ.એ.)**
1086 Bigleaf Pl#104,
San Jose, CA, 95131
Shah Smit Ashok - 001-6077595338
Shah Shruti Smit - 001-3153918554

2) **Alpesh N. Shah**
Flat No. 504, 5th Floor,
Krupa Dham, 2nd Cartere Road,
Borivali (East), Mumbai - 400066
Alpesh - 9820778018
Sonal - 7666473085

3) **Subhash Ratilal Mody (Sherawala)**
502, 5th Floor,
Shivkrupa Co.Op.H.S.Ltd.
Kandivali Village, 78 Tank Road,
Off M.G.Road, Kandivali (W),
Mumbai - 400067
Mobile : 9833499901 / 9833099916

## દુ:ખદ અવસાન

સંસ્થા શ્રીજી કોમ્પ્યુટર લેબોરેટરી ફાઉન્ડેશનના પ્રણેતા સ્થાપક અને પ્રેરણાપૂર્તિ શ્રીમતી સુલોચનાબેન પ્રવિણચંદ્ર ધારીઆ (સી.એ.)ના અકાળ અવસાન બદલ ખેદ અનુભવે છે અને પરમેશ્વરને તેમના આત્માને પરમ શાંતિ માટે પ્રાથના કરે છે સંસ્થા તેમના પરિવારના ઋણી છે.

**લી. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતી વતી.**

## શુભ લગ્ન

**શાહ નિરાલી સંજય રમેશચંદ્ર (હાથીખાનાવાળા)**

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| પરીખ ઈન્દીરાબેન દીનકરલાલ (અઘોડી) | ૭૬ |
| દેસાઈ અરવીંદભાઈ કાંતિલાલ | |
| શાહ બીપીનભાઈ રમણલાલ (ચકવા) | ૭૩ |
| કચેરીઆ પુષ્પાબેન શાંતીલાલ (શહેરાવાળા) | ૮૯ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**


શ્રીમતી દિપીકા પંકજ ધારીઆ (લાલખા) ના જે જે શ્રી ગોકુલેશ